
## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



જે.સી. શાહ
(૧૯૨૮) ફોન : ૨૩૨ ૨૩૬૯૧



વાડીલાલ મણીલાલ શાહ
(૧૯૩૯) ફોન : ૨૩૨ ૩૫૭૯૫

# બોરીસણા રોડ પર અચાનક આવી ગયેલી ગાય સાથે બાઈક ટકરાતા એકનું મૃત્યુ

## કાકા-ભત્રીજા બાઈક લઈને ડબલ સવારી જઈ રહ્યા હતા

કલોલ, તા. ૫

કલોલ નજીક બોરીસણા ગામ પાસેથી બાઈક પર કાકા-ભત્રીજો પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન રસ્તા વચ્ચે આવેલી ગાય સાથે બાઈક ટકરાઈ જતાં બાઈક પાછળ બેઠેલા કાકાનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે કલોલ તાલુકા પોલીસે બાઈક ચાલક ભત્રીજા વિરૂદ્ધ બેફામ ગતિએ વાહન ચલાવી મૃત્યુ નિપજાવવાનો ગુનો દાખલ કરી સઘન તપાસ શરૂ કરી છે.

વાંસજડા ગામમાં રહેતો પ્રકાશજી ભીખાજી ઠાકોર તેના કાકા પ્રહલાદજીને બાઈક નં. જીજે-૧-એન.જે.-૭૨૧૧ પર બોરીસણા રોડ તરફથી લઈ જઈ રહ્યો હતો. કાકા-ભત્રીજા બાઈક પર સવાર હતા ત્યારે રસ્તા વચ્ચે બોરીસણા પાસે અચાનક એક ગાય આવી જતાં પુરઝડપે આવતુ બાઈક ગાય સાથે અથડાઈ ગયું હતું. આ અકસ્માતમાં બાઈક પાછળ બેઠેલા કાકા પ્રહલાદજીને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું.

કલોલ તાલુકા પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી બાઈક ચાલક ભત્રીજા પ્રકાશજી વિરૂદ્ધ વાસંજડાના પુનાજી ઠાકોરની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી સઘન કાર્યવાહી શરૂ કરી છે.

# કલોલ કોલેજ ખાતે સ્વામી વિવેકાનંદ કે પથ પર આગેકદમ કાર્યક્રમ યોજાઈ ગયો



ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના જાણીતા યુવા પ્રેરક અગ્રણી સંજીવ મહેતાના નેતૃત્વમાં, કલોલ કોલેજ ખાતે 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' કાર્યક્રમ અંતર્ગત 'રાષ્ટ્રવંદના ગીત' અને 'સ્વામી વિવેકાનંદ યુવા અભિયાન'નો કાર્યક્રમ યુવા દિશા કેન્દ્ર અને સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી સેલ, ગુજરાત રાજ્યનાં સંયુક્ત ઉપક્રમે સંપન્ન થયો.

કોલેજનાં ૨૦૦૦ જેટલા યુવા મિત્રોએ નેશનલ યુથ એવોર્ડ સંજીવ મહેતાના બુલંદ સ્વર સાથે દેશભક્તિ ગીતોમાં સૂર મીલાવતાં 'રાષ્ટ્રપ્રેમ'નું જબરદસ્ત વાતાવરણ ઉભું થયું હતું. કોલેજનાં યુવામિત્રોમાં દેશભક્તિ ગીતો ગવડાવી ભાઈ સંજીવ મહેતાએ સંજીવની ઉમેરી છે. સૌને જાગતા કર્યા છે તેમ જણાવતા કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. હાસ્યદા પંડ્યાએ સ્વામી વિવેકાનંદ ઉપર મનનીય પ્રવચન રજુ કર્યુ હતુ. તેમણે વિવેકાનંદ જીવન પ્રદર્શન જોવાની અપીલ સાથે યુવા દિશાકેન્દ્રની કામગીરી બીરદાવી હતી. જાણીતા સામાજીક અગ્રણી જયેશભાઈ જોષીએ સ્વામી વિવેકાનંદ કે પથ પર આગેકદમ ઉપર પોતાનું મનનીય પ્રવચન રજુ કર્યુ હતુ. અને યુવાનોને શિકાગો પરીષદ અને વિશ્વબંધુત્વની વાત કરી હતી.

પોતાના સ્વાગત પ્રવચનમાં કોલેજના આચાર્ય ડૉ. દેશમુખે સમગ્ર કાર્યક્રમની છણાવટ કરી સૌનું સ્વાગત કરી ઉપસ્થિત યુવાનોને નશાબંધી સંસ્કારના શપથ લેવડાવ્યા હતા.

યુવા દિશાકેન્દ્ર, ગાંધીનગરના અધ્યક્ષ સંજીવ મહેતાએ રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આદર્શ યુવા નિર્માણની નેમ વ્યક્ત કરવાની સાથે યુવાનોને વૃક્ષવાવો, ઉર્જા બચાવો, ભાઈચારો કેળવો, યુવાનીમાં રક્તદાન, સ્વદેશી અપનાવો, નિયમોનું ચુસ્ત પાલન કરો જેવી શીખ આપી હતી. સભામાં ઉપસ્થિત ભાજપના મહામંત્રી ગોવિંદભાઈ પટેલે પોતાના ધારદાર પ્રવચનમાં યુવાનોને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહેવાની શીખ આપી હતી.

જ્યારે અંતમાં યુવા દિશા કેન્દ્ર તરફથી સૌનો આભાર માનવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. સોલંકી, પ્રો. રીટાબેન પટેલ, કેતન જોષી, જયેશ પારેખે ભારે જહેમત ઉઠાવી હતી.

## ચેઈન સ્નેચરોની ધરપકડ થઈ : ૩૫ ગુનાની કબુલાત

અમદાવાદ, તા. ૫

શહેરના જુદાં-જુદાં વિસ્તારમાં ૩૫ જેટલા ચેઈનસ્નેચીંગના ગુનાને અંજામ આપનાર બે શખ્સોને નરોડા પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે હાલમાં તેમની સઘન પૂછપરછ હાથ ધરી છે.ઘટનાની વિગતવાર માહિતીએવી છે કે નરોડા પોલીસે બાતમીના આધારે બે ચેઈનસ્નેચરોને ઝડપી પાડ્યા હતા. પૂછપરછમાં તેઓનાનામ ધીરજ ઉર્ફે રાજ સુરેશ ગુપ્તા અને શીવશંકર ઉર્ફે શંકર ઉર્ફે ડોન અશોકભાઈ સૈની (ઉ.વ.૩૨) હોવાનું જાણવા મળ્યું હતું.સઘન પૂછપરછમાં બંને શખ્સોએ ૩૫ જેટલા ચેઈન સ્નેચીંગના ગુનાને અંજામ આપ્યાની કબુલાત કરી હતી. તેઓએ શહેરના શાહીબાગ, સેટેલાઈટ, નવરંગપુરા, નારણપુરા તેમજ પૂર્વ વિસ્તારમાં પણ ચેઈનસ્નેચીંગના ગુના આચરતા હતા.

તેઓની સાથે અન્ય શખ્સો પણ સંડોવાયેલા હોવાનું જાણવા મળ્યું છે. ચેઈન સ્નેચીંગ બાદ તેઓ સોનાની ચેન કોઈ સોનીને વેચી દેતા હતા. તે સોનીની પણ પોલીસે સઘન તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત તેમની સાથે સંડોવાયેલા સખ્સોની પણ શોધખોળ ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.

# નરોડા પાટિયા કેસ : અપરાધીને ૩૧ વર્ષની આકરી જેલની સજા

### અમદાવાદની ખાસ અદાલતે કઠોર ચુકાદો આપ્યો : ફરાર આરોપીને પકડી પાડવામાં આવ્યા બાદ સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે કોર્ટમાં રજૂ કરાતાં ન્યાયાધીશે શખ્સે ૩૧ વર્ષની આકરી સજા ફટકારી હતી

અમદાવાદ, તા. ૫

વર્ષ ૨૦૦૨માં થયેલા ગોધરા કાંડ બાદ ફાટી નીકળેલા કોમી રમખાણમાંના



ચકચારભર્યા નરોડા પાટિયા કેસમાં દોષિત ઠરેલ ફરાર આરોપીને આજે કોર્ટમાં રજૂ કરાતાં ન્યાયાધીશે તેને ૩૧ વર્ષની સજા ફટકારી હતી. ૨૯મી ઓગસ્ટે ખાસ કોર્ટે ચકચારભર્યા પાટિયાકાંડનો ચુકાદો જાહેર કર્યો હતો. જેમાં રાજ્યના પૂર્વ મંત્રી માયાબેન કોડનાની અને બાબુ બજરંગી સહિત ૨૯ ને દોષિત જાહેર કરાઈને સજા ફટકારવામાં આવી હતી. જો કે આરોપી સુરેશ દાનુભાઈ નેતલકર હાજર થયો નહતો. જેથી ખાસ કોર્ટ તેને પકડી પાડવા પોલીસ કમિશનરને આદેશ કરીને ખાસ સ્પેશ્યલ ટીમની રચના કરવાની તાકીદ કરી હતી. કોર્ટના આદેશ બાદ શહેર પોલીસ કમિશનરે છ અધિકારીઓની ટીમ બનાવી સીટ રચી હતી. જેને ગઈકાલે મહારાષ્ટ્રના નંદુરબારથી સુરેશને ઝડપી પાડ્યો હતો. આજે કોર્ટમાં રજૂ કરાતાં ખાસ જજ જ્યોત્સનાબેન યાજ્ઞિકે આરોપી નેતલકરને આઈપીસીની ૩૨૬ ની કલમ હેઠળ ૧૦ વર્ષની કેદ ફટકારી હતી. આ સજા કાપ્યા બાદ તેને ૨૧ વર્ષની સજા કાપવાનો આદેશ પણ કરાયો હતો. આમ તેને કુલ ૩૧ વર્ષની સજા ફટકારવામાં આવી હતી.

અત્રે એ નોંધનીય છે કે સીટે અમદાવાદના પોલીસ કમિશનરને પત્ર પાઠવી આરોપીને ઝડપી લેવા મદદ માગી હતી. તે પછી પોલીસ કમિશનરે ક્રાઈમ બ્રાન્ચની ટીમને આરોપી મહારાષ્ટ્રના નંદુરબાર વિસ્તારમાં હોવાની બાતમી મળતા જ તેની ધરપકડ કરી હતી. ત્યાર બાદ સીટે કોર્ટમાં ગઈકાલે રજૂઆત કરી હતી કે આવતીકાલે આરોપીને કોર્ટ સમક્ષ રજૂ કરાશે.

ત્યાર બાદ આજે તેને રજૂ કરવામાં આવતા ખાસ કોર્ટે તેને પણ આ ધૃણાસ્પદ હત્યાકાંડ માટે ૩૧ વર્ષની સજા ફટકારી હતી.નરોડા પાટિયા હત્યાકાંડને ગુજરાતમાં કોમી રમખાણ વખતના સૌથી વિનાશકારી હત્યાકાંડ પૈકીના એક તરીકે ગણવામાં આવે છે. આ મામલામાં તાજેતરમાં જ દોષિત જાહેર થયેલાઓને આકરી સજા કરવામાં આવી હતી.

# નારણપુરામાં માર્ગ પર પડી ગયેલું ૨૪ કિલો સોનુ આખરે મળ્યું

### વ્યાપક શોધખોળ બાદ આખરે પોલીસને સફળતા હાથ લાગી : વરદાન ટાવર પાસેના ઓટો ગેરેજના માલીકને સોનું મળ્યું હતું : કેટલીક નવી વિગત હજુ ખુલે તેવી શક્યતા : સોનુ પરત આપનારની પુછપરછ શરૂ થઇ

અમદાવાદ, તા. ૫

નવા વાડજ વિસ્તારમાં આવેલી સિક્યોરિટી ટ્રાન્સ. ઈન્ડિયા પ્રા.લિ. નામની કંપની મારફતે મુંબઈ લઈ જવાતા ૫૦૦ કિલો સોના પૈકી ૨૫ કિલો સોનાનું એક બોક્સ નારણપુરા વિસ્તારના શાસ્ત્રીનગર શાકમાર્કેટ નજીક ગાડીમાંથી સરકી ગયું હતું. જેમાંથી ૨૩ કિલો સોનું લઈને એક વ્યક્તિ નારણપુરા પોલીસ મથકે આવ્યો હતો. જ્યારે બે કિલો સોનું ગુમ હતું. જેથી પોલીસે તેની સઘન પૂછપરછ હાથ ધરી હતી અને વધુ એક કિલો સોનું કબજે કરાયું હતું. જેથી આ મામલે આજે સમગ્ર દિવસ દરમિયાન સોનું પરત કરવા આવનાર ઈસમ હીરોમાંથી ઝીરો બની ગયો હોવાની ચર્ચા ભારે જોરશોરથી ચાલી હતી. ઘટનાની વિગત એવી છે કે નારણપુરા વિસ્તારમાં આવેલા પ્રગતિનગરની સિદ્ધિ એપાર્ટમેન્ટમાં રહેતા અને કૃષ્ણનગર ન્યૂ ગણેશ વિદ્યાલય નજીક આવેલા સહજાનંદ કોમ્પલેક્સમાં સિક્યોરિટી ટ્રાન્સ.પ્રા.લિ.નામની કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા બકુલ નરેન્દ્રભાઈ મહેતા (ઉ.વ.૪૬)એ નારણપુરા પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવી હતી કે ન્યૂયોર્કની ન્યૂ મોનિક સિક્યોર લોજિસ્ટિક પ્રા.લિ. નામની કંપનીમાંથી મુંબઈની નોવા સ્ટેનિયા બેંકમાં મોકલવા માટે ૫૦૦ કિલો ગ્રામ સોનું આવ્યું હતું. એક બોક્સમાં ૨૫ કિલો એવા ૨૦ બોક્સ આવ્યા હતા. આ બોક્સ એક કાર મારફતે એરપોર્ટ પરથી ઓફિસ પર આવ્યા હતા. જેને એક ગાડીમાં મૂકી કંપનીના માણસો મુંબઈ જવા માટે રવાના થયા હતા. ગાડીમાં ડીઝલ ભરાવાનું હોવાથી ગાડી રાતે ૯ વાગ્યે ઓફિસ પરથી રવાના થઈ શાસ્ત્રીનગર શાક માર્કેટ પાસેથી પસાર થતી હતી. ત્યારે ગાડીમાં સવાર સુપરવાઈઝર જયેન્દ્રસિંહને શંકા ગઈ હતી કે, ગાડીમાંથી કંઈક નીચે પડી ગયું છે. જેથી ગાડી થોભાવી હતી.દરમિયાનમાં ૨૫ કિલો સોનાનું એક બોક્સ ગાયબ થઈ ગયું હોવાનું જાણવા મળ્યું



હતું. આ અંગેના સમાચારો આજે અખબારોમાં પ્રસિદ્ધ થતાં વરદાન ટાવર પાસે અંકિત ઓટો ગેરેજ ધરાવતા અશ્વિન શુકલા નામની વ્યક્તિ ૨૩ કિલો સોનું લઈને પોલીસ મથકે આવી હતી અને પીઆઈ એન. ડી. સોલંકીને રોડ પર પડી ગયેલું સોનું પોતાને મળ્યું હોવાનું જણાવ્યું હતું. જો કે બે કિલો સોનુ ગુમ હોવાથી સોનું લઈને આવનાર શખ્સ સામે જ પોલીસને શંકા ઉપજી હતી અને તેની સઘન પૂછપરછ હાથ ધરી હતી. આ ઉપરાંત અશ્વિન શુકલના ગેરેજમાં કામ કરતાં કારીગરોને પણ પૂછપરછ કરાઈ હતી.

દરમિયાનમાં વધુ એક કિલો સોનું જુહાપુરા ખાતે રહેતા અશ્વિન શુકલાના મિત્રના ઘરેથી મળી આવ્યું હતું. જોકે હજીયે એક કિલો સોનુ ગાયબ હોવાથી પોલીસે સઘન તપાસ હાથ ધરી છે.

## સોનુ મળ્યુ ત્યારે પાર્ટી કરવામાં આવી હતી...

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ, તા. ૫

નારણપુરા વરદાન ટાવર નજીક અંકીત ઓટો ગેરેજના માલિક અશ્વિન શુકલ અને તેના કારીગરો ગત બુધવારે રાત્રે દારુની પાર્ટી કરી રહ્યા હતા. દરમિયાનમાં રોડ પરથી પસાર થતાં કોઈ વાહનમાંથી કોઈ વસ્તુ પડી હોવાનો ધડાકાભેર અવાજ આવ્યો હતો. જેથી એક કારીગર રોડ પર શું પડ્યું તે જોવા ગયો હતો અને બાદમાં રોડ પર પડેલું બોક્સ ગેરેજમાં ઉઠાવી લાવ્યો હતો. તે પછી બોક્સ ખોલતાની સાથે હાજર તમામની આંખો ચાર થઈ ગઈ હતી. ત્યાર બાદ ગેરેજનો માલિક સોનાનું બોક્સ પોતાના ઘરે લઈ ગયો હતો. અને સવારે તેણે પીઆઈને સોનું મળ્યાની જાણ કરી.


## ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧


# મોદીના હાલ પણ ચંદ્રાબાબુ નાયડુ જેવા થશે : શક્તિસિંહ

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં જનતા હવે પરિવર્તન ઈચ્છી રહી છે અને સત્તા ગુજરાતના મુખ્યમંત્રીના હાથમાંથી જઈ રહી છે ત્યારે અઢળક નાણાં ખર્ચીને પોતે જાતે જ મેનેજ કરીને સર્વે પ્રસિદ્ધ કરાવે છે અને સર્વેમાં ભાજપને બહુમત સીટો મળી જવાની છે એવા જુઠ્ઠાણાઓ અને ભ્રમ પેદા કરવાનો મુખ્યમંત્રી પ્રયાસ કરી રહ્યા છે તેમ વિધાનસભા વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે ધંધુકામાં કોંગ્રેસના કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું.ભાજપની સરકારને આવા જુઠ્ઠા પ્રકારના સર્વેના આધારે સત્તા બચી શકતી નથી તેનો દાખલો આપતા ગોહિલે કહ્યું હતુ કે, આંધ્રપ્રદેશમાં ભાજપના સાથી ચંદ્રાબાબુ નાયડુએ ચૂંટણી સમયે સતત આવ્યા સર્વે કરાવ્યા હતા કે ફરી ચંદ્રાબાબુ નાયડુ જ આંધ્રપ્રદેશમાં મુખ્યમંત્રી બનશે અને તેઓ નંબર વન મુખ્યમંત્રી છે, સીઈઓ ઓફ પોલીટીક્સ છે પરંતુ પરિણામ આવ્યા ત્યારે ચંદ્રાબાબુ નાયડુના જે હાલ કર્યા હતા તે જ હાલ ગુજરાતની જનતા ગુજરાતના મુખ્યમંત્રીના કરશે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૨ વર્ષ સુધી જનતાના ઉપયોગનું એકપણકામ ગુજરાતના મુખ્યમંત્રી કે ભાજપ સરકારે કર્યું નથી. ગુજરાતના મુખ્યમંત્રીએ ગુજરાતનીજનતાને ગેસના સસ્તા સિલિન્ડરો મળે તેની કોઈ જ ચિંતા કર્યા વગર તદ્દન વાહિયાત વાતો એવી કરી છે કે ગુજરાતમાં તો હું બધાને પાઈપલાઈનથી ગેસ આપી દઉં છું અને એટલે મારે ગેસ સિલિન્ડરમાં સબસિડી આપવાની જરૂર નથી. પરંતુ હકીકત એ છે કે ગુજરાતમાં ૬ કરોડની જનતામાં માત્ર ૩ લાખને પાઈપલાઈનથી ગેસ મળે છે.

# કર્મચારીઓના સહકાર વિના ચૂંટણીને જીતવી ખુબ મુશ્કેલ


અમદાવાદ, તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસ બાકી રહ્યા છે ત્યારે રાજ્યના સાત લાખ કર્મચારીઓના સંગઠનની સંકલન સમિતિએ ભાજપ સરકાર સામે જ મોરચો ખોલ્યો છે અને એવી ચીમકી આપી છે કે કર્મચારીઓના સહકાર વિના ચૂંટણી જીતવી ભારે પડશે.

ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિના અધ્યક્ષ વિશ્નુભાઈ પટેલ અને મહામંત્રી અબ્દુલભાઈ ચૌહાણે અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાત સરકારે કર્મચારીઓ સાથે કરેલો વિશ્વાસઘાત અને કર્મચારી વિરોધી નીતિ અપનાવતા સંકલન સમિતિ દ્વારા આંદોલનના ભાગરૂપે સમગ્ર રાજ્યના તમામ મંડળના પ્રતિનિધિઓની એક સંયુક્ત બેઠક આગામી તા. ૭મી ઓક્ટોબરને રવિવારે ગાંધીનગર ખાતે મળશે. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૭૦૦થી વધારે પ્રતિનિધિઓ હાજરી આપશે.

આ બેઠકમાં આગામી ચૂંટણીને ધ્યાને લઈને રાજ્ય સરકારની કર્મચારી વિરોધી નીતિ સામે આક્રોશ વ્યક્ત કરી કાર્યક્રમોની જાહેરાત કરાશે.પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને સમિતિના કન્વીનર ચંદુભાઈ જોશીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે વિદ્યાસહાયકો સહિત ફિક્સ પગારમાં નોકરી કરતા તમામ કર્મચારીઓને અન્યાય કર્યો છે. ફિક્સ પગારના કર્મચારીઓ ભાજપ સરકારને ચૂંટણીમાં તેનો રસ્તો બતાવી દેશે.

## શબ્દાવલી - ૪૮૬૨



**આડી ચાવી**

૧. કાકડો (૩)
૪. મૃત્યુ પછીનો સ્વર્ગ વગેરે લોક (૪)
૬. રઝળપાટ, રખડવું તે (૫)
૮. સ્પષ્ટતા, સમજણ (૨)
૯. ચોખા કે ઘઉંની એક વાનગી (૩)
૧૧. ગુલાલ (૩)
૧૨. લીન, તલ્લીન (૨)
૧૪. કોપવું તે, ક્રોધ કરવો તે (૫)
૧૬. પેન, લખણી (૩)
૧૮. સૌરાષ્ટ્રનો એક વિસ્તાર (૪)
૧૯. નર્ક, જહન્નમ (૩)
૨૧. એક ધાન્ય (૨)
૨૨. જ્ઞાતિ, સમાજનું (૨)

**ઊભી ચાવી**

૧. પરણીને લાવેલ સ્ત્રી (૫)
૨. જુ નામના જંતુના ઈંડા (૨)
૩. ... કરવી, તોડવું ફોડવું તે (૪)
૪. પાટો, મલમ... (૨)
૫. કઠીન, અઘરી (૩)
૭. પડળ (૨)
૯. હાલતું ફરતું, બદલાતું (૫)
૧૦. ઈસ્લામ ધર્મનું દીક્ષા વાક્ય (૩)
૧૧. ગપ્પુ, ... મારવા (૨)
૧૩. ઝગડો, ટંટો (૪)
૧૪. કોમળ હોવું તે (૪)
૧૫. નાજુકાઈ (૪)
૧૭. પ્યાર, પ્રેમ (૨)
૧૮. આપત્તિ, આફત (૨)
૨૦. રવિવારે ઓફિસોમાં હોય (૨)

### શબ્દાવલી ૪૮૬૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) પલટન (૪) વિપદા (૭) સંત (૮) ગલ (૧૦) લોજ (૧૧) તરવરાટ (૧૨) ગીટાર (૧૪) લફરાબાજ (૧૯) કારતક (૨૧) લલાટ (૨૩) રટ (૨૪) ખીલી (૨૫) અદાવત

**ઊભી ચાવી :-** (૧) પસંદગી (૨) લત (૩) નગર (૫) પલોટવું (૬) દાજ (૯) લવ (૧૧) તરફડાટ (૧૩) ટાલ (૧૫) બાકાયદા (૧૬) જર (૧૭) પાકટ (૧૮) પાલખી (૨૦) તરત (૨) લાટી

## દવાઓ વેચતો વેપારી

● અનુલંધાન છેલ્લાનું ચાલુ

વીસ જુદા જુદા પ્રકારની દવાઓ આ વેપારી દ્વારા વેચવામાં આવતી હતી એટલુ જ નહિ આ વેપારી દવાની છૂટક વેચાણ કિંમત કરતાં પણ ઓછા ભાવથી આ દવાઓનું વેચાણ કરતો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. છ જેટલી જુદી જુદી કંપનીઓમાંથી દવાઓ લાવી અને બારોબાર લાયસન્સ વિના આ વેપારી દ્વારા દવાનું વિતરણ કરવામાં આવતુ હતુ.

આ વેપારીએ ગાંધીનગર તેમજ સાબરકાંઠા જિલ્લામાં તેનું આખુ નેટવર્ક સ્થાપિત કર્યુ હતુ અને તે આ દવાઓનું ધૂમ વેચાણ કરતો હતો.

આ વેપારી પહેલાં એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો અને તાજેતરમાં જ તે પોતાની નોકરી છોડી ધંધામાં વ્યસ્ત થયો હતો. આ વેપારીએ અમદાવાદ, રાજકોટ, સરખેજ વિસ્તારમાંથી દવાઓ ખરીદી હતી.

આ દરોડો નાયબ નિયામક, વિસ્તરણ ગુણવત્તા નિયંત્રણ કચેરીના શ્રી ડી.જે. પટેલ, એમ.વી. દેસાઈ ખેતીવાડી અધિકારી, કે. જે. દેસાઈ મદદનીશ ખેતી નિયામકશ્રી ગુણવત્તા નિયંત્રણ અધિકારીની ટીમે પાડ્યો હતો. મોડી રાત સુધી દરોડાની કામગીરી ચાલુ રહી હતી.

## નકસલવાદી ઝપડાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાતલપુરથી વાયા રાધનપુર થઈ એસટી બસ મારફતે વડોદરા તરફ જવાનો છે. જેથી ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એસ.એલ. ચૌધરી અને પીએસઆઈ ડી. એસ ગોહિલ સહિતનો કાફલો ગીતામંદીર એસટી સ્ટેન્ડ ખાતે વોચમાં ગોઠવાઈ ગયો હતો. બાતમીના આધારે પોલીસે રાજાસુહાગ ઉર્ફે સુભાષ ઉર્ફે આશીષ ઉર્ફે નેતાજી રામવિલાસ રુદલ પાસવાન વિરુદ્ધને ઝડપી પાડ્યો હતો.ક્રાઈમ બ્રાન્ચે તેની સઘન પુછપરછ કરતા તેણે ગુજરાત રાજ્યમાં પોતાનું અલગ નેટવર્ક ઉભુ કરવાનું હોવાથી રેકી કરવા આવ્યો હોવાની તેમજ પોતે બિહારમાં માઓઈસ્ટ વિચારવાળા નકસલીઓનો ઉત્તરીય બિહાર ઝોનલ કમિટીનો કમાન્ડર છે અને બિહારમાં તથા સમગ્ર ભારતમાં નકસલવાદની પ્રવૃત્તિને વધુ મજબૂત બનાવવા ધાડ, લૂંટ, સામૂહિક હત્યા, ખંડણી, પોલીસ સ્ટેશન પર હુમલા કરી હથિયારોથી લૂંટ વગેરે જેવા ગંભીર પ્રકારના ગુનાઓ આચરેલા છે. પોતે ઉત્તર બિહારની ઝોનલ કમિટીમાં અને તેની નીચે ત્રણ ત્રણ કમિટી અને છ એરીય કમિટી કામ કરતી હતી.

ક્રાઈમ બ્રાન્ચની સઘન પૂછપરછમાં તેણે અનેક ગુનાઓની કબૂલાત કરી છે. ક્રાઈમ બ્રાન્ચે તેને બિહાર પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.